# ઋણસ્વીકાર

આ પુસ્તકની રચનાની યાત્રામાં મારા જીવનને સંસ્કાર, દિશા અને પ્રકાશ આપનાર અનેક ઉપકારી સાધુ-સંતો તથા વડીલ વિદ્વાનો પ્રત્યે હું હૃદયપૂર્વક કૃતજ્ઞતા વ્યક્ત કરું છું. મારી પાત્રતા કરતાં અનેકગણા આશીર્વાદ તેમની કૃપાથી મને પ્રાપ્ત થયા છે. તેમાં વિશેષ કરીને મારા અત્યંત આત્મીય, પરમ આદરણીય વડીલ વિદ્વાન શ્રી નરેશ વેદસાહેબ પ્રત્યે હું નમ્ર વંદન અને આભાર વ્યક્ત કરું છું. તેમની સાથે ધર્મ અને અધ્યાત્મ વિષયક ચર્ચાઓમાં કલાકો કેવી રીતે પસાર થઈ જાય તેની અનુભૂતિ પણ રહેતી નથી.

ચાતુર્માસ દરમિયાન જૈન ઉપાશ્રયમાં પરમપૂજ્ય આચાર્ય શ્રી આગમચંદ્ર મહારાજ સાથે અનેક કલાકો ચર્ચા, વિચારણા અને સત્સંગમાં વિતાવવાનો સુયોગ પ્રાપ્ત થયો. આ મનોમંથન તથા પ્રશ્નોત્તરીના પ્રસંગોમાંથી અનેક વિષયો પર વિશેષ ઊંડાણપૂર્વક વિચાર કરવાની તક મળી. આ પ્રસંગે તેમની અપ્રતિમ વિદ્વત્તા, સરળતા અને ઉદારતાને હું નમ્ર વંદન કરું છું.

પરમપૂજ્ય આચાર્યશ્રી ઉદયવલ્લભ મહારાજ સાહેબ જેવા વિદ્વાન અને વિરલ વ્યક્તિત્વને અનેક વાર સાંભળવાનો તથા પ્રત્યક્ષ મળવાનો અવસર મને પ્રાપ્ત થયો છે. તેમની અસ્ખલિત વાણી અને સારગર્ભિત વિચારો દ્વારા જીવનને નવી દિશા પ્રાપ્ત થઈ છે. આ પ્રસાદ સૌની સાથે વહેંચવાની અનુમતિ, તેમ જ આપના અનંત ઉપકાર અને આશીર્વાદ બદલ હું સદાય આપની ઋણી રહીશ.

આ પ્રસંગે પૂજ્ય સાધ્વીજી મહાવીરરેખા શ્રીજી મહારાજ સાહેબનું પણ હું ભાવપૂર્વક સ્મરણ કરું છું. આપની સાથે અનાયાસ થયેલી આંશિક મુલાકાત જીવનના યાત્રાપથમાં આત્મીય સ્નેહબંધનમાં પરિવર્તિત થશે એવી કલ્પના પણ નહોતી. આપની વિદ્વત્તા, પ્રજ્ઞા અને વ્યવહારની સૌમ્ય સુગંધ જીવનને સમૃદ્ધ કરે છે. આપને નમ્ર વંદન અર્પણ કરતાં, આપના સ્નેહ, આશીર્વાદ અને કરુણાની ધારા સદાય મારા પર વરસતી રહે તેવી અંતરથી અભ્યર્થના છે.

રામકૃષ્ણ મિશનના ભૂતપૂર્વ અધ્યક્ષ, મારા ગુરુદેવ બ્રહ્મલીન પૂજ્ય સ્વામી રંગનાથાનંદજીનાં ચરણોમાં હું નમ્ર વંદન અર્પણ કરું છું. તેમનો વિચારપ્રવાહ, સાધનાનો આદર્શ અને જીવનદર્શન મારા અંતરમાં સદાય સ્થિર રહેશે. તેમ જ અત્યંત પ્રેમાળ અને સરળ વ્યક્તિત્વ ધરાવતા પોરબંદર આશ્રમના અધ્યક્ષ

સ્વામી આત્મદીપાનંદજી, ન્યૂ યૉર્ક આશ્રમના અધ્યક્ષ સ્વામી સર્વપ્રિયાનંદજી તથા રાજકોટ આશ્રમના અધ્યક્ષ સ્વામી નિખિલેશ્વરાનંદજીના પ્રેમ, વાત્સલ્ય અને માર્ગદર્શનને હું નતમસ્તક વંદન કરું છું. આપના આશીર્વાદ મારી આધ્યાત્મિક યાત્રાને સતત બળ અને દિશા આપે તેવી અંતરની પ્રાર્થના છે.

આણંદ સ્થિત વેદાંતદર્શનના પ્રખર વિદ્વાન સંત સ્વામી અખિલાનંદ સરસ્વતીજીનાં ચરણોમાં હું ભાવપૂર્વક વંદન અર્પણ કરું છું. આપ સાથે થયેલા સંવાદોમાં મારા દરેક પ્રશ્ન અને જિજ્ઞાસાને ભારતીય દર્શનોના આધાર પર અતિ સુવ્યવસ્થિત, તર્કસંગત અને હૃદયને સંતોષ આપે તે રીતે ઉત્તર પ્રાપ્ત થયા છે. આપના અનુગ્રહ, માર્ગદર્શન અને ઉપકારનો હું નમ્રતાપૂર્વક ઋણસ્વીકાર કરું છું.

ચારુતર વિદ્યામંડળના ચૅરમૅન શ્રી ભીખુભાઈ પટેલસાહેબ તથા સેક્રેટરી શ્રી શાંતિભાઈ પટેલસાહેબના સહયોગ અને પ્રોત્સાહન બદલ હું હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

મારી માતા કુસુમબહેન તથા સ્વર્ગીય પિતા રમણભાઈ, મારા ભાઈઓ રવિ અને લવેશ, મારા પતિ વિજય, દીકરો તીર્થ તેમ જ પિતાતુલ્ય સસરાજી હીરાભાઈ અને અન્ય તમામ પરિવારજનોનો હું હૃદયપૂર્વક આભાર અને કૃતજ્ઞતા વ્યક્ત કરું છું. જીવનમાં હું જે કાંઈ પ્રાપ્ત કરી શકી છું તે આપના સ્નેહ, અનુગ્રહ અને આશીર્વાદના કારણે જ શક્ય બન્યું છે. મારા પરિવારના સ્નેહ, સહકાર અને આશીર્વાદ વિના આ યાત્રાનો આરંભ શક્ય જ નહોતો. જીવનમાં પ્રાપ્ત થયેલું દરેક સ્ફુરણ આપની કૃપાનો જ પ્રસાદ છે.

મારા સાથી સ્ટાફ મિત્રો તથા મારા તમામ અંગત મિત્રોનો પણ હું આ પ્રસંગે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

અંતે, સર્વ કાર્યની પ્રેરણા અને શક્તિરૂપ મારા ઇષ્ટદેવનાં ચરણોમાં કોટિ-કોટિ વંદન.

**– મનીષા રાઠોડ**
આણંદ
PhD.(Mechanical Engineering)
Assistant Professor ADIT.
New V. V. Nagar

# અનુક્રમણિકા

1. જીના ઇસી કા નામ હૈ ........................................ 1
2. વૃદ્ધાવસ્થાના પાંચ વૈભવ ........................................ 23
3. લીડરશિપ ........................................ 38
4. શિક્ષક-સન્માન ........................................ 45
5. નારી તું નારાયણી ........................................ 52
6. આનંદના આધારસ્તંભ ........................................ 55
7. નૂતન વર્ષાભિનંદન ........................................ 69
8. સાર્થક જીવનનાં ત્રણ સૂત્ર ........................................ 82
9. પેરેટિંગ ........................................ 96
10. સંબંધોનું અર્થશાસ્ત્ર ........................................ 101
11. લાગણીઓની લાઇફલાઇન ........................................ 117
12. પ્રેમ, પ્રાર્થના અને પરિવાર ........................................ 133